PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmai l.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૫/કવા–૦૩/૧૭–૧૮/ 9950 તા. 23-11-17

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
શ્રી જ્ઞાન જયોત એજયુ. ટ્રસ્ટ,
૧૦– કનક નગર
સંતકબીર રોડ,
રાજકોટ –૩૬૦૦૦૩
ફોન: ૦૨૮૧–૨૭૦૧૫૦૦

વિષય :–વીજબીલ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૦૫–૧૦–૧૭ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૦૫/કવા–૦૩/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી જસદણ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી ત્રંબા

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

Scan

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૦૫/કવા–૦૩/૧૭–૧૮ કમિટી મીટીંગ: તા. ૧૫–૧૧–૧૭ સ્થળ : રાજકોટ

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: શ્રી જ્ઞાન જયોત એજયુ. ટ્રસ્ટ, ગામ: ત્રંબા

રજુઆત કરનાર: અરજદાર શ્રી ના પ્રતિનીધી તરીકે ચાવડા મુકેશકુમાર સીદાભાઈ હાજર રહેલ હતા.

વિરુધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી ત્રંબા (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી જસદણ)

રજુઆત કરનાર :પી.જે. મહેતા (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી જસદણ)

## : હુકમ :

ફરીયાદ : વીજબીલ બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓના જીએલપી ટેરીફ હેઠળ ના – ગ્રાહક નં.: ૬૦૪૦૯/૦૦૪૧૨/૦ – શ્રી જ્ઞાન જયોત એજયુ. ટ્રસ્ટ નામના – જોડાણ ના માહે માર્ચ–૧૭, એપ્રીલ– ૧૭ તેમજ માહે મે– ૨૦૧૭ ના માસ મા – તેઓના જોડાણ ના મીટર મા સરેરાશ ૮૫૦૦ યુનીટ નોંધાયેલ હતા.<br>ત્યારબાદ – તે મીટર ખરાબ થતા – તેઓના જોડાણ મા નવુ મીટર મુકવામા આવતા – તેમા ૧૪૫૨૮ યુનીટ નુ વીજબીલ આવેલ હતુ. જે અગાઉ ની સરેરાશ કરતા આશરે દોઢ ગણુ વધારે જણાયેલ છે. ત્યારબાદ – માહે ઓગષ્ટ–૮૦૪૭ યુનીટ તથા સપ્ટેમ્બર– ૯૮૮૦ યુનીટ નુ આવેલ છે. સદર બાબત ની ફરીયાદ વિભાગીય કચેરી – જસદણ ખાતે કરાતા, મીટર ને પીજીવીસીએલ ની લેબોરેટરી મા ચકાસણી કરવામા આવતા – મીટર તાંત્રીક રીતે યોગ્ય જણાયેલ હતુ. આમ, અરજદાર ની – હાલ ના તબ્બકે ની માંગણી છે કે – સદર મીટર ને – મીટર બનાવટ કંપની મા તાંત્રીક ચકાસણી અર્થે મોકલવામા આવે, તે મુજબ ની અરજદાર શ્રી એ – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની ફરીયાદ ના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ છે કે, અરજદાર દ્વારા શ્રી ગામ: કાળીપાટ ખાતે – ત્રંબા પેટા વિભાગીય કચેરી હેઠળ જ્ઞાન જયોત એજયુ. ટ્રસ્ટ ગ્રાહક નં.: ૬૦૪૦૯/૦૦૪૧૨/૦ ના નામે વીજ જોડાણ ધરાવે છે. સદર મીટર અરજદાર દ્વારા ફાસ્ટ ફરવા અંગે ની અરજી તા.૨૧–૦૭–૧૭ ના રોજ કરાતા – પીજીવીસીએલ દ્વારા સદર મીટર ને તા.૨૫–૦૭–૧૭ ના રોજ બદલાવેલ હતુ. જેનુ મીટર ચકાસણી લેબોરેટરી ચેકીગ દરમ્યાન મા અરજદાર શ્રી ની હાજરી મા તા.૦૪–૦૮–૧૭ ના રોજ કરાયેલ હતુ. તે મુજબ સદર મીટર નો ટર્મીનલ બ્લોક બળેલ છે. તથા મીટર નો એમ.આર.આઈ. અહેવાલ પણ લેવાયેલ છે. જેમા મીટર ના રીડીગ – ૨૫૩૩૩ જણાયેલ હતા.<br>સદર મીટર ના એમ.આર.આઈ. અહેવાલ નો અભ્યાસ કરતા તા.૦૧–૦૬–૧૭ ના રોજ ૨૭૧૬.૭૮ રીડીગ જોવા મળેલ તેમજ એમ.ડી. ૨૪.૩૪૦ કીવો નો વીજવપરાશ નોંધાયેલ હતો. તા.૦૧–૦૭–૧૭ ના રોજ ૧૫૨૯૫.૫૬૫ રીડીગ જોવા મળેલ તેમજ એમ.ડી. ૩૨.૦૪૦ કીવો નો વીજવપરાશ નોંધાયેલ હતો. અને તા.૦૧–૦૮–૧૭ ના રોજ ૨૫૩૩૩.૪૧ રીડીગ જોવા મળેલ તેમજ એમ.ડી. ૩૫.૨૬૦ કીવો નો વીજવપરાશ નોંધાયેલ હતો. આમ, અરજદાર શ્રી દ્વારા તેમના કરારીત વીજભાર કરતા – ૧૦.૨૬૦ કીવો નો વધારે વીજવપરાશ કરાયેલ છે – તેમ સાબીત થાય છે. આમ, સદર ગ્રાહક નો વીજવપરાશ કરારીત વીજભાર ૨૫.૦ કીવો કરતા – વધારે હોય – વીજબીલ વીજવપરાશ મુજબ – મીટર મા નોંધાયેલ રીડીગ મુજબ મીટર રીડર દ્વારા વીજબીલ કંપની ના નિયમાધીન રીતે અપાયેલ છે. આમ, ગ્રાહક ની મીટર ફાસ્ટ ની અરજી ગ્રાહય રાખી શકાય નહી. |

| | |
|---|---|
| <u>૨.૨</u> | તેમજ, વધુમા – ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની તા.૨૭–૧૦–૧૭ ના રોજ ની સુનવણી દરમ્યાન ના સુચન મુજબ – જણાવેલ કે – મીટર બદલ્યા બાદ – વેકેશન નો પીરીયડ જાણવા માટે ગ્રાહક સાથે ટેલીફોનીક વાતચીત મુજબ સંસ્થામા વેકેશન હોતુ નથી. તેમજ, તા.૧૩–૧૧–૧૭ ના રોજ ચેકીગ શીટ નં.૫૦૮૯૩૪ – મુજબ કુલ જોડાયેલ વીજ ઉપકરણોનો વીજભાર – ૨૬.૫૨ કીવો જણાયેલ છે. તેમજ ગ્રાહક ની હાજરી મા તા.૦૩–૧૧–૧૭ ના રોજ મીટર ટેસ્ટીગ લેબોરેટરી મા – ચકાસણી કરવામા આવેલ તે રીપોર્ટ મુજબ – લોડ ટેસ્ટ લેતા મીટર યોગ્ય નોંધણી કરતુ જાહેર થયેલ છે. |

**<u>મુદદા નં.–૩ :</u>** **: <u>નિષ્કર્ષ</u> :**

| | |
|---|---|
| <u>૩</u> | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| <u>૩.૧</u> | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની ફરીયાદ ના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ છે કે, અરજદાર દ્વારા શ્રી ગામઃ કાળીપાટ ખાતે – ત્રંબા પેટા વિભાગીય કચેરી હેઠળ જ્ઞાન જયોત એજયુ. ટ્રસ્ટ ગ્રાહક નં.: ૬૦૪૦૯/૦૦૪૧૨/૦ (૭.૫ કીવો – જીએલપી ટેરીફ ) ના નામે વીજ જોડાણ ધરાવતા હતા. જે માહે સપ્ટેમ્બર–૨૦૧૬ થી ૨૫ કીવો વીજભાર વાળુ જોડાણ થયેલ છે. સદર મીટર અરજદાર દ્વારા ફાસ્ટ ફરવા અંગે ની અરજી ના અનુસંધાને તા.૨૫–૦૭–૧૭ ના રોજ પીજીવીસીએલ તરફથી મીટર ને બદલાવેલ હતુ. જે મીટર ની ચકાસણી લેબોરેટરીમા કરવામા આવેલ હતુ. લેબોરેટરી ચેકીગ દરમ્યાન મીટર તેમજ એમ.આર.આઈ. અહેવાલ મુજબ– મીટર યોગ્ય વીજવપરાશ ની નોંધણી કરતુ જાહેર થયેલ છે. અને સદર ગ્રાહક નો વીજવપરાશ પી.આર.ટી.–૧૪૫ મુજબ – તેમજ મુદદા નં. ૨.૨ મુજબ ની વિગતે સદર ગ્રાહક નો વીજવપરાશ કરારીત વીજભાર ૨૫.૦ કીવો કરતા – વધારે હોય – વીજબીલ વીજવપરાશ મુજબ – મીટર મા નોંધાયેલ રીડીગ મુજબ મીટર રીડર દ્વારા વીજબીલ કંપની ના નિયમાધીન રીતે અપાયેલ છે. તે બાબત ની જાણકારી બન્ને પક્ષકારો ને આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**<u>મુદદા નં.–૪ :</u>** **<u>હુકમ</u>**

| | |
|---|---|
| <u>૪.૧</u> | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, લેબોરેટરી ચેકીગ દરમ્યાન – સવાલવાળુ મીટર તેમજ એમ.આર.આઈ. અહેવાલ મુજબ– મીટર યોગ્ય વીજવપરાશ ની નોંધણી કરતુ જાહેર થયેલ છે.તેમજ સદર ગ્રાહક નો વીજવપરાશ કરારીત વીજભાર ૨૫.૦ કીવો કરતા – વધારે હોય – વીજબીલ વીજવપરાશ મુજબ – મીટર મા નોંધાયેલ રીડીગ મુજબ યોગ્ય અપાયેલ છે. તે બાબત ની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાવેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.